Book Review

ISSN : 2321-1520

# અમૂલ્ય પુસ્તક

**સંગીતા પટેલ***

આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
*Corresponding author

Received Date : 12-4-2017

Published Date :

'ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટસ ઍન્ડ રિક્રીએશન ક્લબ' દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં નવા જોડાયેલા કર્મચારીઓ માટે '.નવનિયુક્ત કર્મચારી અભિવાદન કાર્યક્રમ' તા. 02-03- 2017ના રોજ આયોજીત થયો હતો. કાર્યક્રમમાં નવનિયુક્ત કર્મચારીઓના શાબ્દિક સ્વાગત સાથે દરેક નવઆંગતુકને ગુજરાત યુનિવર્સિટીના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. હિમાંશુભાઈ પંડ્યા દ્વારા ગુજરાત યુનિવર્સિટીની સંપૂર્મ વિગતવાળી ડાયરી તથા એક પુસ્તક ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યું.

અત્રે એ ભેટરૂપે મલેલ અમૂલ્ય પુસ્તકની વાત કરવી છે. એ પુસ્તક એટલે મૂળ મરાઠીમાં લેખિકા વીણા ગવાણકર દ્વારા લખાયેલું તથા શ્રીકાન્તકાટદરે દ્વારા અનુવાદિત 'એક હતો કાર્વર' વૃદ્ધના બે ચિત્રોવાળું સામાન્ય કવરપેજ ધરાવતું પુસ્તક છે. પરંતુ એ ચિત્રમાં વૃદ્ધના ભાલપ્રદેશ પર ઉપસેલી સમાન રેખાઓ અને તેજસ્વીઆંખોપુસ્તક ખોલવાની પ્રેરણા આપે છે. પ્રસ્તુત પુસ્તક નીગ્રો વૈજ્ઞાનિક જ્યોર્જ વોશિંગ્ટન કાર્વરના જીવનચરિત્ર પર આધારિત છે. વિજ્ઞા પ્રવાહના અધ્યાપકો, વિદ્યાર્થીઓ કાર્વરના પ્રદાનથી પરિચિત હશે. પરંતુ જ્યોર્જ કાર્વરના વૈજ્ઞાનિક પ્રદાન ઉપરાંત એક આજીવન અધ્યાપક તરીકેની જીવનયાત્રા દરેક શિક્ષક તથા વિદ્યાર્તી માટે માર્ગદર્શનરૂપ છે.

જ્યોર્જ કાર્વર એટલે અમેરિકાની ગુલામગીરીના કાદવમાંથી ઉગેલુ કમળ. સાતસો ડૉલરમાં ખરીદાયેલી ગુલામ સ્ત્રીનું (મેરી) મરવાના વાંકે જીવિત રહેલું દમિયલ બાળક. પોતાના માલિક મોઝેસબાબા અને સુસાનબાઈની કાળજીને કારમે દમિયલ, મૂંગા બાળકનું આરોગ્ય સુધરતું જતું હતું. બાળપણથી જ ફૂલ, ફળ, ઝાડ, પાન, તેની કૂપળો પ્રત્યે કાર્વરને અથાગ પ્રેમ હતો. અક્ષરજ્ઞાન મેળવવા પોતાનું જન્મસ્થળ 'ડાયમંડ ગ્રોવ' છોડી 'નેઓસો'ની નિગ્રો શાળામાં જવાનું હતું. તેના મોટાભાઈ જિમ કાર્વરને સમજાવ્યો કે 'અહીં સુખેથી જીવવાનું છોડી ભટકવા માટે શું કામ જાય છે ? બાળપોથીમાંથી અક્ષર પરિચય થઈ ગયો એટલે ઘણું થયું.' કાર્વરના વળતા જવાબમાં એના ઉજળા ભવિષ્યના દર્શન થાય છે. 'ખાલી અક્ષર પરિચય થયો એટલે શિક્ષણ પૂરું ? અરે, મોટાભાઈ હું એટલું બધું ભણવાનો છું કે આખું પુસ્તક લખી શકું.' 'નેઓશી'ની શાળાથી શરૂ થયેલી શિક્ષણયાત્રા અનેક રૂકાવટો છતાં અવીરત ચાલુ રહી. શિક્ષણની સાથે જીવનનિર્વાહ માટે માળીકામ,

ભરતકામ, સીવણકામ, ચિત્રકામ, ઘરકામ, રસોઈકામ વગેરે તમામ કાર્યો રસ અને ચીવટથી કરતા રહ્યા. 1885માં કેન્સાસની યુનિવર્સિટીમાં માત્ર નીગ્રો હોવાને કારણે પ્રવેશ ન મળ્યો. કેન્સાસ યુનિવર્સિટીના અધ્યક્ષે કાર્વરને પ્રશ્ન કર્યો - 'તમારા લોકોના પ્રમાણમાં તમે ઘણું ભણ્યા. હવે આનાં કરતા વધારે ભણીને તમે શું કરવાના છો ? તમારા જેવા શિક્ષિતોનું ભવિષ્ય શું ? તમે નકામો સમય વેડફો છો એવું તમને નથી લાગતું ?' અહીં જ્યોર્જ કાર્વરનો જવાબ દરેક શિક્ષક અને વિદ્યાર્થી માટે પ્રેરણારૂપ છે - 'ભવિષ્ય દૈવાધીન છે. મારું સમયપત્રક બનાવનાર હું કોણ ? ઈશ્વરેચ્છા પ્રમાણે જ મારો પ્રવાસ ચાલુ છે. હું કૉલેજનું શિક્ષણ લેવાનો છું કારણ મારે કેટલાક કામો પૂરા કરવાના છે તે માટે મારે તૈયારી કરવી જ જોઈએ.'

કાર્વરે સિમ્પસન કૉલેજ, આયોવા સ્ટેટ કૉલેજમાંથી વનસ્પતિશાસ્ત્ર, ભૂમિતિ, રસાયણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર વગેરે શાસ્ત્રોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેઓ સારા ચિત્રકાર અને ગાયક પણ હતા. ધાર્યું હોત તો તેઓ એમાં પણ કારકિર્દી બનાવી પ્રસિદ્ધિ મેળવી શક્યા હોત. પરંતુ તેમનું સ્વપ્ન તો સજીવસૃષ્ટિની માવજત કરવાનું હતું. આયોવા સ્ટેટ યુનિવર્સિટીમાં અધ્યાપકની નિમણૂક મળ્યા બાદ તેમણે પાછળ વળીને જોયું નથી.

કાર્વરનું ખરું કાર્ય દક્ષિણ અમેરિકાની અલાબામાં સ્ટેટની ટસ્કગી શાળાથી શરૂ થયું. ટસ્કગીમાં પ્રો. કાર્વરે પોતાના અધ્યાપન કાર્યના પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓને આગ્રહપૂર્વક કહ્યું 'જે નિસર્ગના પ્રેમમાં પડીને તેની સાથે નિકટતા સાધે છે તેની સાથે જ નિસર્ગ મનની વાત કરે છે. સૃષ્ટિ શું શીખવે છે એ તરફ ઉઘાડી આંખે, ઉઘાડા કાને ધ્યાન આપો. એટલે તમારા જીવનમાં પ્રતિદિન અમૂલ્ય માહિતી ભેગી થતી જશે. તેની સાથે તાદાત્મ્ય સાધ્યા વગર તેના રહસ્યો સમજાતા નથી. તમે બૅંકમાં કેટલા પૈસા જમા કરાવ્યા છે અથવા કેવા કપડાં પહેર્યાં છે તે તમારા યશનો માપદંડ નથી. તમે સમાજની કેટલી સેવા કરી છે, તેની ઉપર જ તમારા જીવનની સાર્થકતા સમાયેલી છે' - વિદ્યાર્થીઓને આપેલો આ ઉપદેશ કાર્વર વાસ્તવિક જીવનમાં જીવ્યા.

ટસ્કગીની નીગ્રો શાળામાં સાધન સગવડોનો ઘણો અભાવ હતો. એક દિવસ તેઓ પોતાના વિદ્યાર્થીઓ સાથે ગામમાં ફરી ગામમાંથી ભંગાર ઉંચકીને શાળામાં લઈ આવ્યા અને એમાંથી બેનમૂન પ્રયોગશાળા કાર્વરે ઊભી કરી જે આજે પણ ટસ્કગીના કાર્વર મ્યુઝિયમનું મુખ્ય આકર્ષણ છે. એક શિક્ષક તરીકે તેઓ માનતા કે 'તમે કોઈને કાંઈ શીખવાડી શકતા નથી, તેની અંદર પડેલું છે તેનો જ માત્ર વિકાસ કરી શકો છો.' આ અર્થમાં તેઓ ખરા કેળવણીકાર હતા.

પ્રયોગશાળામાં રાત-દિવસ પ્રયોગો કરી તેમણે દક્ષિણ અમેરિકાની ખેતીને સજીવન કરી ઉપરાંત અનેક પ્રકારની શોધો કરી. કપાસ, શક્કરિયાં, સીંગદાણા વગેરેમાંથી ઔષધો, ખાદ્યપદાર્થો, પ્રસાધનો વગેરે. માત્ર સીંગદાણાનું રાસાયણિક પૃથક્કરણ કરી, વિઘટન કરી, વિઘટિત ઘટકોનું વિવિધ પદ્ધતિથી સંયોજન કરી ત્રણસો વસ્તુઓ તૈયાર કરી.

1916ની સાલમાં લંડનમાં 'રોયલ' સોસાયટી ઑફ આર્ટસ' નામની સંસ્થાએ તેમને પોતાનું સભાસદત્વ આપ્યું. અમેરિકાની કૃષિ મંત્રાલય તરફથી પ્રો. કાર્વરને ચર્ચા-વિચારણા તથા માર્ગદર્શન માટે વારંવાર બોલાવવામાં આવતા. ગુલામ માતા-પિતાનું સંતાન, સ્વકર્તૃત્વથી મહાન બનેલો અને સ્વેચ્છાથી શિક્ષકનો વ્યવસાય સ્વીકારનાર નીગ્રો સંશોધક આ આમંત્રણો સ્વીકારી દેશની રાજધાની વોશિંગ્ટનમાં સરકારનું માર્ગદર્શન કરવા માટે જતા, સરકારની મુશ્કલીઓમાં સક્રિય મદદ કરતા. પ્રો. કાર્વરની હયાતીમાં અમેરિકાનું રાષ્ટ્રપતિપદ શભાવનારા ત્રણ મહાનુભાવો સાથે તેમને મૈત્રીહતી. પહેલા શ્રી થઓડર રુઝવેલ્ટ, બીજા કાલવીન કુલીજ, ત્રીજા ફ્રૅંકલીન ડી. રૂઝવેલ્ટ.

મહાત્મા ગાંધી સાથે પણ તેમનો એક આખું વર્ષ પત્રવ્યવહાર ચાલ્યો હતો. તેમણે ગાંધીજીની નાજુક તબિયત ધ્યાનમાં લઈ આહારની યાદી બનાવી આપી હતી. ભારતની જનતા માટે અન્નની ગરજ સારે તેવી વનસ્પતિઓની ગુણવત્તા અનુસાર માહિતી આપી હતી. વિશેષમાં આ બધી વનસ્પતિ ભારતમાં સર સહેલાઈથી ઉપલબ્ધ હતી.

ડૉ. કાર્વર પોતાના અંતિમ દિવસોમાં પણ સતત કાર્યશીલ રહ્યા હતા. એક દિવસ સંસ્થાના અધ્યક્ષ શ્રી પેટરસનને બોલાવી તેમના હાથમાં રાષ્ટ્રીય બચત નિધિનાં પ્રમાણપત્રો આપતાં ણાવ્યું કે 'આ પ્રતિષ્ઠાનના કામમાં વાપરો અને

દુનિયાને જોવા દો... મેં આ વિચારપૂર્વક ખરઘા હતા. દેશભક્તિ એ કોઈ એક રંગના માણસની ઠેકેદારી નથી.એ રંગભેદથી પર વસ્તુ છે...' ડૉ. કાર્વરના આ શબ્દો આપણને ખરો રાષ્ટ્રપ્રેમ સમજાવી જાય છે.

આજે સમગ્ર વિશ્વ એક Global Village બન્યું છે તેની સાથે માનવીય સંબંધો વધુ સંકોચાતા જાય છે. મને શું ? અને મારું શું ? ના ચક્રવ્યૂહમાં માનવી ફસાયેલો છે. એવા સમયે આ મહામાનવનો જીવન પરિચય આપણને અનેક અભાવોની વચ્ચે, બધાના કલ્યાણનો વિચાર કરી, બધાને સાથે લઈને કેવી રીતે ચાલવું એનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. મિત્રો પ્રો. કાર્વરના વધુ પરિચય માટે પુસ્તક વાંચવું જ રહ્યું.

સંદર્ભ : એક હતો કાર્વર : વીણા ગાવણકર, અનુવાદક - શ્રીકાન્ત કાટદરે, પ્રકાશક - ભારતીય વિચાર મંચ, અમદાવાદ, 2017.

❑